# શ્રી લાલચૂડા કડવા પાટીદાર મહિલા મંડળ

**ઉમામંગલ કામરેજ ચાર રસ્તા          મો. ૯૯૦૯૫ ૮૩૩૮૧**

તા.    /    /૨૦૨૧

## <u>ગરબા હરિફાઈ</u>

પ્રતિ,
સુજ્ઞ બહેનશ્રી,

સહર્ષ જણાવવાનું કે ઉપરોકત મહિલા મંડળ દ્વારા પવિત્ર નવરાત્રિ નિમિતે તા.    /    /૨૦૨૧ ને મંગળવારે સાંજે ૬-૦૦ કલાકે ઉમામંગલ કામરેજ ચાર રસ્તા મુકામે ગરબા હરિફાઈ નું આયોજન કરવામાં આવ્યું છે. જેના નિયમો નીચે મુજબ છે.

**નિયમો:-**

(૧) તા.   /    /૨૦૨૧ સુધીમાં નામ લખાવવું.
(૨) ગામ દીઠ એકજ ગરબો લાવવાનો રહેશે.
(૩) ગરબા હરિફાઈમાં ઓછામાં ઓછી ૧૦ બહેનો અને વધુમાં વધુ ૧૬ બહેનો ભાગ લઈ શકશે.
(૪) ગરબો ગાવાની સમય મર્યાદા ૧૦ મિનિટ ની રહેશે.
(૫) ગરબામાં ચણીયા ચોરી અને ભાડુતી ડ્રેસ પણ લાવી શકાશે, સાડી પણ ચાલશે.
(૬) ગરબા હરિફાઈમાં કોઈ પણ વાજીંત્રોનો ઉપયોગ કરી શકશે, વાજીંત્ર વગાડનાર ફકત બે ભાઈઓ લાવી શકાશે.
(૭) ગરબો બહારથી ફકત બે જ બહેનો ગાઈ શકશે, ભાગ લેનારે ગરબો ઝીલવો ફરજીયાત છે.
(૮) નિર્ણાયકનો નિર્ણય આખરી ગણાશે, ગેરવર્તન કરનારને ત્રણ વર્ષ સુધી પ્રવેશ મળશે નહિ.
(૯) ગરબામાં ભાગ લેનાર તેમજ જોવા આવનાર બહેનો લાલચૂડા જ્ઞાતિની જ હોવી જોઈએ.
(૧૦) ગરબા હરિફાઈમાં પ્રવેશપાસ વ્યકિત દીઠ રૂા. ૨૦/- રહેશે, જે તમામે ફરજિયાત લેવાનો રહેશે.
(૧૧) ગરબાની સંખ્યા ૧૫ હશે તો જ ગરબાનું આયોજન કરવામાં આવશે.
(૧૨) ગરબો આખો લેખિતમાં મોકલવાનો રહેશે.
(૧૩) એક વાર કૃતિ લખાવ્યા પછી કોઈ ખાસ કારણ સિવાય કમી કરવામાં આવશે નહિ.
(૧૪) ભાગ લેવા માંગતા મંડળે પાછળનું ફોર્મ પૂરેપૂરૂ ભરી ઉમામંગલ ઓફિસે જમા કરવાનું રહેશે.
(૧૫) ગરબા હરિફાઈ માટેનો કોઈ પણ પ્રકારનો આખરી નિર્ણય કરવાની સત્તા શ્રી લાલચૂડા કડવા પાટીદાર મહિલા મંડળની રહેશે.

લિ.
રાજેશ્રીબેન મુકેશભાઈ પટેલ
મંત્રીશ્રી,
શ્રી લાલચૂડા કડવા પાટીદાર મહિલા મંડળ

# <u>પ્રવેશપત્ર</u>

(૧) ગામનું નામ :- ______________________________

(૨) આયોજકનું નામ :- ______________________________

(૩) ભાગ લેનાર બહેનોની સંખ્યા :- ______________________________

(૪) ગરબો ગાનાર બહેનોના નામ :- ______________________________

(૫) વાજીંત્રો વગાડનારના નામ :- ______________________________

(૬) જોવા આવનાર બહેનોની સંખ્યા :- ______________________________

(૭) ગરબાના બોલ :- ______________________________

આથી હું સહી કરનાર શ્રી લાલચૂડા કડવા પાટીદાર મહિલા મંડળને ખાત્રી આપુ છું કે, મારા ગામમાંથી બહેનોની સાથે હું આજની તા.  /  /૨૦૨૧ ને મંગળવારના રોજ **<u>" ગરબા હરિફાઈ "</u>** માં ભાગ લઈ રહી છું. તો આ અંગે નિર્ણાયકોના નિર્ણય અને ગરબા અંગેના નિર્ણયો મારી સાથીદાર બહેનોને માન્ય રહેશે. તેમજ અમો કોઈ પણ પ્રકારનો વિરોધ કરીશું નહિ, તેમજ નિર્ણાયકો સાથે કોઈ પણ પ્રકારનું અસભ્ય વર્તન કરીશું નહિ. જેની હું મારા ગૃપ વતી ખાત્રી આપું છું.

______________________

આયોજકની સહી



